

## આંબે આવ્યા મ્હોર...

નાનપણમાં દાદી પાસેથી વાર્તા સાંભળ્યા હોઈએ ત્યારે તેના અંતમાં આવે 'આંબે આવ્યો મ્હોર, વાત કરીશું પોર...' અને આ સાથે દાદી વાર્તા પુરી કરે ત્યારે મનમાં સવાલ થતો કે આ આંબે મ્હોર કેવો આવતો હશે ? શિયાળો પુરો થઈ ગયો છે અને ઉનાળાનું આગમન થઈ રહ્યું છે. વસંતઋતુના પ્રભાવ તળે પ્રકૃતિ નવા સાજ સજી ચુકી છે ત્યારે ફાગણ ફોરમ તો આવે તે પહેલા આંબાઓ પર મ્હોર ખિલી ઉઠ્યો છે. (નટુભાઈ પટેલ, ચિલોડા)

# એરંડાના ખેતરમાં થયેલી યુવાનની હત્યાનો ભેદ ઉકેલાયો

## હત્યારાની પત્નિ સાથે યુવાને પ્રેમ સંબંધ બાંધતા દહેગામ બોલાવીને રહેંસી નાંખ્યો

ગાંધીનગર, તા. ૧૯

દહેગામ પાસેના એક એરંડાના ખેતરમાંથી હત્યા કરી દેવાયેલી હાલતમાં એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આજે દહેગામ પોલીસે હત્યારાને ઝડપી પાડ્યો છે. હત્યારાના પત્નિ સાથે યુવાને આડા સંબંધ બાંધતા તેને દહેગામ બોલાવી રહેંસી નાંખ્યો હતો. દહેગામ પોલીસે આરોપીની ધરપકડ કરીને ઉંડી તપાસ શરૂ કરી છે.

દહેગામના ઉત્કંટેશ્વર મહાદેવ રોડ પર એક એરંડાના ખેતરમાંથી ગઈકાલે સવારે મેઘરજના રહેવાસી અને નરોડાની એક ફેક્ટરીમાં નોકરી કરતાં યુવાન સતીષની હત્યા કરીને ફેંકી દેવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. દહેગામ પોલીસે કોલ ડીટેઈલને આધારે તપાસ કરી આરોપી હત્યારાને ઝડપી પાડ્યો છે. ખેડા જિલ્લાના કપડવંજ પાસેના એક ગામમાં રહેતા બળવંતસિંહ તખતસિંહ ઝાલાએ હત્યા કરી હોવાનું ખુલ્યુ છે. બળવંતસિંહની પત્નિનું પિયર સતિષ જ્યાં નોકરી કરતો હતો તેની નજીક નરોડામાં હતુ. બંને વચ્ચે પ્રેમ સંબંધ ચાલતો હોવાની તથા મોબાઈલ પર સતત વાતચીત થતી હોવાની જાણ પતિ બળવંતસિંહને થઈ જતા સતિષને દહેગામના આ ખેતર પાસે બોલાવ્યો હતો. અને ઘરેથી ચપ્પુ લઈને આવેલા બળવંતસિંહે ઘા ઝીંકીને સતિષની હત્યા કરી નાંખી હોવાનુ ખુલ્યુ છે. દહેગામ પોલીસે તેની ધરપકડ કરીને તપાસનો દોર શરૂ કર્યો છે.

## મહાશિવરાત્રીની મહાઉજવણી કરી

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી શાળામાં ૧૬મી ફેબ્રુઆરી સોમવારના રોજ ધો-૩ના વિદ્યાર્થીઓ દ્વારા મહાશિવરાત્રીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. તેમાં નૃત્ય, નાટક દ્વારા અભિવ્યકિત કરી પટેલ મેઘ, મહેતા નૈમિત, પ્રજાપતિ નિત્યા, રાઠોડ જયરાજસિંહ દ્વારા 'સાચું તીર્થ' નાટક રજૂ કરવામાં આવ્યું હતું. ૩૦ વિદ્યાર્થીઓએ 'બમ બમ બોલે' નૃત્યમાં ભાગ લીધો હતો શિક્ષિકાબેન મેઘાબેન દવે દ્વારા શિવ સ્તુતિ, મહા શિવરાત્રીની વાર્તા તથા શિવ ધૂન ગવડાવી બાળકોને માહિતગાર કર્યા હતા. નીતાબેને વિદ્યાર્થીઓને નૃત્ય-નાટક તૈયાર કરાવી કાર્યક્રમ સફળ બનાવ્યો. સંદિપભાઈએ ફોટોગ્રાફી કરી પ્રસંગને યાદગાર બનાવ્યો હતો. કાર્યક્રમને અંતે દરેક વિદ્યાર્થીઓને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું. શૈક્ષણિક સાથે ધાર્મિકતાના સંસ્કારનું સિંચન કર્યું હતું.

## મફત પુસ્તકો દાન કર્યા

સેક્ટર-૮ આદર્શ નિવાસી શાળામાં સદ્ભાવના પરિવાર દ્વારા શાળાના વિદ્યાર્થીઓને જીવનમાં ઉપયોગી પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને અંગ્રેજી ડિક્સનરી અને જીવનને સરળ રીતે જીવવાનું શિખવતી જીવન સરિતા પુસ્તકોનું વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સદ્ભાવના પરિવારના શિવશંકરભાઈ દવે, લતાબેન ચોકસી, રશ્મિકાંત મહેતા, સુરેશભાઈ સુધાતકર, વિપિનભાઈ ઓઝા ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણાથી ગાંધીનગર અપડાઉન કરતાં લોકોને પડતી ભારે હાલાકી

## મહેસાણા-ગાંધીનગર અપડાઉન કરતાં લોકોના પ્રશ્નો અંગે તંત્રના આંખ આડા કાન

ગાંધીનગર, તા. ૧૮

સવારે મહેસાણાથી ગાંધીનગરની સીધી બસોના અભાવે મહેસાણા તથા આસપાસના વિસ્તારમાંથી ગાંધીનગર અપડાઉન કરતાં લોકોને ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડતી હોઈ પીકઅવર્સમાં વધુ એકસ્-ેસ-લોકલ બસ ચાલુ કરવાની માંગ -વર્તિ રહી છે. આજ -માણે સાંજે ગાંધીનગરથી મહેસાણા અપડાઉન કરતાં લોકોને પણભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

મહેસાણા તથા આસપાસના વિસ્તારમાંથી નોકરીયાત તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં નિયમિત ગાંધીનગર અપડાઉન કરે છે. ઉપરાંત ગાંધીનગર રાજધાની હોઈ વિવિધ સરકારી કામકાજ માટે પણ લોકોને ગાંધીનગર જવું પડતું હોય છે. પરંતુ સવારે તથા સાંજે પીકઅવર્સમાં ગાંધીનગર જવા-આવવા માટેની જુજ એસ.ટી. બસોની વ્યવસ્થા છે.

મહેસાણાથી ગાંધીનગરની સવારે ૭.૦૦ કલાક પછી એકપણ લોકલ બસ નથી. વધુમાં જે છે તે વાયા પાલાવાસણા થઈને જતી હોવાથી અપડાઉન કરતાં વિદ્યાર્થીઓ અને નોકરીયાત વર્ગ પાસધારક હોવાથી આ બસ નકામી બની રહે છે. વધુમાં મહેસાણા-ગાંધીનગર(વાયા લાખવડ)નો પાસધારકોની માસિક ૧૭૨૮ જેટલી રકમ ચૂકવવી પડે છે. જયારે મહેસાણા-ગાંધીનગર(વાયા પાલાવાસણા) માટે માસિક ૨૨૩૨ જેટલા રુપિયા ચુકવવા પડે છે. નોંધનીય બાબત એ છે કે આ બસો પણ ગાંધીનગર મુકામે ૧૦.૧૫?? આસપાસ પહોંચાડે છે. જેથી નોકરીયાત-વિદ્યાર્થી વર્ગને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અપડાઉન કરતાં લોકોની માંગણી છે કે ૮.૩૦ કલાકે ઉપડતી મહેસાણા-ગોઝારીયા(વાયા-લાખવડ) લોકલ બસ જે અનિયમિત છે, જેનો સમય ૮.૦૦ કલાકનો કરી નિયમિત કરવામાં આવે તો અપડાઉન કરતાં લોકોની પરેશાની હલ થઈ શકે છે અને ગોઝારીયાથી ગાંધીનગર ખાતે અન્ય બસ અથવા ખાનગી સાધનોમાં સમયસર ગાંધીનગર પહોંચી શકે. અપડાઉન કરતાં લોકોએ વધુમાં પોતાની આપવીતિ જણાવતાં જણાવ્યું હતું કે, ગાંધીનગરથી સાંજે મહેસાણા તરફ આવવા માટે પણ આજ -માણેની કનડગત ભોગવવી પડે છે.

આ અંગે અનેક વખત સંબંધિત તંત્ર સાથે મૌખિક તથા લેખિત રજૂઆત કરી હોવા છતાં કોઈપણ પ્રકારની યોગ્ય નિર્ણય લઈ શકયા નથી.

# સ્વયં જાગૃતિના અભાવે સ્વચ્છતાને ગંદકીનું ગ્રહણ

## સરકારી પ્રયાસોને મળેલી આંશિક સફળતા, દંડનાત્મક કાર્યવાહી એ જ આખરી ઉપાયનો લોકમત

ગાંધીનગર, તા. ૧૯

દેશભરમાં સ્વચ્છતા અભિયાન થકી દેશનો ખુણે ખુણો સ્વચ્છ કરવાનો વડાપ્રધાનનો પ્રયાસ સરાહનીય બન્યો છે. પરંતુ સ્વયં જાગૃતિના અભાવે ગંદકીના ઢગ હટવાનું નામ જ લેતા નથી. લોકો હજુ પણ સ્વચ્છતા સાથે સંકળાયેલી બાબતોનું અનુકરણ કરવા ટેવાતા નથી. જેથી સરકારી પ્રયાસોને આંશિક સફળતા મળી રહી છે. જેમાં સૌ પ્રથમ સરકારી સ્થાનોને આવરી લઈ ગંદકી કરનાર સામે દંડનાત્મક કાર્યવાહી શરૂ કરાય તો જ સંપુપર્ણ સ્વચ્છતાના લક્ષ્યાંકને પાર કરી શકાશે તેવો જાગૃત નાગરીકોનો મત રહ્યો છે.

સ્વચ્છતાના અંગે દેશભરમાં ઝુંબેશ ચલાવાયા પછી પણ રાજ્યમાં અનેક શહેરો અને ગામડાઓમાં પરિસ્થિતિ ઠેરના ઠેર જ રહી છે. નાગરીકો પોતે સમજી અને સ્વચ્છતા અપનાવે તો જ સ્વચ્છતા ખરેખર જળવાય તેવું લાગી રહ્યું છે. હાલમાં રાજ્યના પાટનગરમાં જ અનેક ઠેકાણે ગંદકીના થર જામ્યા છે. જેમાં શાકમાર્કેટ, સરકારી વસાહતોની પાસે, સરકારી કામકાજના સ્થળોએ, સરકાર હસ્તકની લગ્નવાડીઓ તથા ખુલ્લી જગ્યાઓનો સમાવેશ થાય છે.

સરકાર દ્વારા દરેક શહેરમાં ઘેર ઘેરથી કચરો ઉપાડવાની વ્યવસ્થા હાથ ધરાઈ છે, તેમજ ઘેર-ઘેર શૌચાલય બનાવવાના સઘન પ્રયાસો હાથ ધરાય છે, છતાં પણ જાગૃતિના અભાવે કેટલાક લોકો ગંદકી ફેલાવી રહ્યા છે. તેમાંય વળી સૌથી વધારે રેલવે સ્ટેશન તથા રેલવેની હદમાં આવતી જગ્યાઓએ વધુ ગંદકી દેખાઈ રહી છે. જેથી લોકો જ ગંદકીને વધારી રહ્યા છે તેવુ લાગી રહ્યું છે. વધુમાં સ્વચ્છતા બાબતે સરકારી કચેરીઓએ સૌ પ્રથમ આવરી લઈ ગંદકી કરનાર તથા તેને પ્રોત્સાહીત કરનાર સામે દંડનાત્મક કાર્યવાહીની શરૂઆત કરવામાં આવે તે જ આખરી ઉપાય હોવાનો જાગૃત નાગરીકોને મત બન્યો છે. અને તે કારણે અન્ય ઉપાય હોવાનો જાગૃત નાગરીકોનો મત બન્યો છે અને તે કારણે અન્ય પ્રજાજનો પણ દંડનાત્મક કાર્યવાહીથી બચવા સ્વચ્છતા અપનાવશે.

પાટનગરને ચોખ્ખુ ચણાક રાખવાના તંત્રના પ્રયાસો દેખાઈ રહ્યા છે. છતાં પણ સૌથી વધુ ગંદકી ઉભી કરતાં સ્થળોનો સર્વે કરી કડક કાર્યવાહી થાય તે ઈચ્છનીય બન્યુ છે.



## કડી સ્કુલ કેમ્પસમાં ટ્રાફીક અવેરનેસ કેમ્પ યોજાયો

ગાંધીનગર શહેરનાં સે-૨૩ ખાતે સ્થિત કડી સ્કુલનાં સંકુલમાં આજે જિલ્લા ટ્રાફીક પોલીસ દ્વારા ટ્રાફીક અવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રાફીકના સામાન્ય નિયમો તથા સાવચેતી સહીતની બાબતો અંગે ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓને જ્ઞાન આપીને અવેરનેસ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કડી સ્કુલના આર.એમ. પટેલ પ્રાઈમરી સ્કુલ સંકુલમાં જિલ્લા ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીત તથા ટીમ દ્વારા ટ્રાફીક અવેરનેસ માટેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શાળાના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓને ટ્રાફીક જન જાગૃતિ તથા નિયમો અંગેની માહિતી આપવામાં આવી હતી તે ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓને ટ્રાફીક અવેરનેસ સંદર્ભની પત્રિકાઓ કાર્યક્રમ દરમિયાન આપવામાં આવી હતી.

## ચિલોડામાં સ્વાઈન ફલુ પ્રતિરોધક ઉકાળાનું અને દવાઓનું વિતરણ કરાયું



ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે સ્વાઈન ફલુના વકરી રહેલા સ્વરૂપને પગલે લોકોને આ મહારોગથી બચાવવા સાવચેતીના પગલાં રૂપે આયુર્વેદિક ઉકાળો અને હોમિયોપેથિક દવાઓનું વિતરણ હાથ ધરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગની આશાવર્કર બહેનો દ્વારા સ્વાઈન ફલુ અંગે સર્વેની કામગીરી પણ હાથ ધરાઈ છે.

ચિલોડાના ગ્રામજનોએ સ્વાઈન ફલુથી બચવા ઉકાળાનું સેવન કરવામાં અને હોમિયોપેથિક દવા લેવામાં ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો અને સાંજ સુધીમાં લગભગ ૧૮૦ પરિવારોને આ કાર્યમાં આવરી લેવાયા હતા. એક તરફ હવામાનમાં મિશ્ર ઋતુના પગલે ઘરે ઘરે વાઈરલ બિમારીઓ જેવી કે તાવ, શરદી, ખાંસી અને ગળામાં દુ:ખાવાના રોગ સામન્ય બની ગયા છે અને તેવા સમયેજ આ જ લક્ષણો ધરાવતા સ્વાઈન ફલુના ફેલાવાના કારણે લોકોમાં ભારે ચિંતાનો માહોલ વર્તાઈ રહ્યો છે. ચિલોડાના આરોગ્ય કેન્દ્ર અને હોમિયોપેથી દવાખાનાના સંયુકત ઉપક્રમે હાથ ધરાયેલ આ અભિયાનને ખુબ જ સકારાત્મક પ્રતિભાવ સાંપડયો હતો. આ કાર્યમાં ચિલોડાના ઈસનપુર રોડ પરની ઉમિયાનગર સોસાયટી તેમજ આરોગ્ય કેન્દ્ર ખાતે દવાઓ તેમજ ઉકાળાનું વિતરણ કરાયું હતું.

## આજે રંગોલી સ્કુલનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર શહેરના સેકટર-૬, ૭ અને ૨૨ સ્થિત રંગોલી સ્કુલનો વાર્ષિકોત્સવ યોજવામાં આવશે. આજે શુક્રવાર બપોરે ૩.૩૦ વાગે સે-૧૭ ટાઉનહોલમાં વાર્ષિકોત્સવ યોજાશે. રંગોલી સ્કુલ દ્વારા બાળકોને વર્ષભર અવનવી પ્રવૃત્તિઓ કરાવી શિક્ષણને બોઝ વિનાનું હળવું ફુલ બનાવી અભ્યાસ કરાવવામાં આવે છે.

## નિવૃત્ત કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માગણી

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મહામંડળ દ્વારા રાજ્યના નિવૃત્ત કર્મચારીઓના પ્રશ્નોના ઉકેલ લાવવા માંગણી કરવામાં આવી છે. જેમાં નિવૃત્ત કર્મચારીઓના અપરણીત પુત્રીને કેન્દ્રની જેમ પેન્શન આપવા, એસ.ટી.માં પચાસ ટકા રાહત આપવા, મૃત્યુ પામનાર પેન્સનર્સને જે તે માસનું પુરૂ પેન્શન આપવા માંગણી કરવામાં આવી છે. વધુમાં પેન્શનર્સને મોતિયા માટે પેકેજ આપવા, તેમજ મેડિકલની રકમ માસિક એક હજાર રૂપિયા આપવા માંગણી કરી છે.





પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગરનો પ્રથમ વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજાઈ ગયો. મુખ્ય મહેમાન તરીકે ઈટીવી ગુજરાતીના પ્રોડ્યુસર શ્રી સમીર ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રેડ બ્રિક્સ સ્કૂલના આચાર્ય સુશ્રી સુતપા મિશ્રા, પીઆઈએસ ચાંદખેડાના આચાર્ય શ્રી નારાયણ અને પીઆઈએસ વસ્ત્રાલના આચાર્ય સુશ્રી રેણુ અનેજા આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પીઆઈએસ ગાંધીનગરના સુશ્રી સોનિયા ખત્રીએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. જંગલ બુક થીમ આધારે યોજાયેલા આ કાર્યક્રમમાં બાળકોએ સુંદર પરફોર્મન્સ આપ્યું હતું.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૧૦**
**સૂર્યાસ્ત : ૬.૩૯**

### તાપમાન

**મહત્તમ : ૩૩.૫ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૮૦ ટકા ● સાંજે ૨૯ ટકા**

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**: સ્કીન-૧ :**
રોય : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
**સ્કીન-૨ :**
રોય : ૧૨.૦૦, ૯.૦૦
બેબી : ૩.૦૦, ૬.૦૦
**સ્કીન-૩ :**
એમઓજી : ૧૧.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૯.૩૦

**સિટીપલ્સ**

**: સ્કીન-૨ :**
રોય : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**: સ્કીન-૩ :**
રોય : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
**સ્કીન-૪ :**
એમ.એસ.જી : ૧૨.૩૫
મીતવા(મરાઠી) : ૪.૦૦
ટેમ્પર (તેલુગુ) : ૭.૦૦
બેબી : ૧૦.૦૦
**સ્કીન-૫ :**
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૩.૪૫
ખામોશીયાં : ૬.૪૫, ૧૦.૦૦
**સ્કીન-૫ :**
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૧૨.૪૫
બેબી : ૧૦.૦૦

**સિનેમેક્સ**

**: સ્કીન-૧ :**
રોય : ૮.૧૫, ૧૧.૨૫, ૯.૨૦
ષમિતાભ : ૨.૪૦
એમ.એસ.જી : ૫.૫૦
**સ્કીન-૨ :**
રોય : ૯.૪૦, ૧૨.૨૦, ૪.૦૦, ૭.૧૦, ૧૦.૨૦
**સ્કીન-૩ :**
એમ.એસ.જી : ૮.૪૦,
રોય : ૧૨.૧૦, ૩.૨૦
બેબી : ૬.૩૦
ષમિતાભ : ૯.૪૫
**સ્કીન-૪ :**
એમ.એસ.જી : ૮.૦૦, ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

### ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ બાબુભાઈ દેવાભાઈ (ઉ.વ.૬૦) ૪૨, રૂદ્રનગર, સોસાયટી, મુ. કડી, જી. મહેસાણા
- સ્વ. રમણભાઈ ડાહ્યાભાઈ મરાઠા (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૪૩૮/બી-૨, ગીતાંજલિ પાર્ક, સે-૮બી, ગાંધીનગર
- સ્વ. પ્રભાબેન ઉમેન્દ્રભાઈ સેલત (ઉ.વ.૬૭) ૨૪૫, આનંદનગર, સે-૨૭, ગાંધીનગર
- સ્વ. મહુડે સુમિત્રાબહેન લક્ષ્મણરાવ એ-૩૨, ૩૭૫, સત્યમ એપાર્ટમેન્ટ, સે-૨૪, ગાધીનગર